Education Quality and Accountability Office
EQAO

Office de la qualité et de la responsabilité en éducation
OQRE

# માતાપિતા માટે સવાલો અને જવાબો ગ્રેડ 9 ગણિત આકારણી

## 1. ગ્રેડ 9 ગણિતની આકારણી માટે કઈ બાબતોનું પરીક્ષણ થાય છે?

ગ્રેડ 9 ગણિતની આકારણી, ગ્રેડ 9ની અંતે વિદ્યાર્થીઓથી ગણિતની કઈ કુશળતાઓ શીખવાની અપેક્ષા રાખાવમાં આવે છે, તેનું મૂલ્યાંકન કરે છે, અને તે *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ) (The Ontario Curriculum)* પ્રમાણે હોય છે. આકારણી માટે જુદાજુદા પ્રકારો હોય છે અને શૈક્ષણિક તથા ગણિતના અભ્યાસક્રમોમાં તેનું સંચાલન થાય છે.

## 2. ગ્રેડ 9 EQAOની આકારણી, મારું બાળક જે ક્લાસમાં બીજી પરીક્ષાઓ આપી રહ્યું છે, તેનાથી કઈ રીતે જુદી રહે છે?

EQAO પરીક્ષાઓ અને ક્લાસરૂમ પરીક્ષાઓના જુદાજુદા લક્ષ્યો હોય છે અને જુદીજુદી માહિતી આપે છે.

**ક્લાસરૂમ પરીક્ષાઓ**

- વિદ્યાર્થીઓએ નિશ્ચિત માહિતી કેટલી સારી રીતે શીખી લીધી છે અને સ્કૂલના કોઈ એક ખાસ વર્ષ દરમ્યાન શું સ્થાન મેળવ્યું છે, તેને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણ વિષે તરત માહિતી આપે છે, જેથી શિક્ષકો શિક્ષણની પદ્ધતિઓ (અભ્યાસક્રમ), જે પોતાના ક્લાસમાં અનુસરી રહ્યા હોય છે, તેમાં ફેરફાર લાવી શકે છે;
- શિક્ષકો દ્વારા સ્વતંત્ર રીતે વિકસાવવમાં, વહીવટ કરવામાં અને તેના ગુણોની નોંધ કરવામાં આવે છે અને તેમના વ્યક્તિગત ગ્રેડિંગના વિભાગો હોઈ શકે છે, જેનો આધાર પ્રત્યેક વિદ્યાર્થી માટે શિક્ષકની જાણકારી પર રહે છે અને
- પરિણામો આપે છે જેની સ્કૂલ, બોર્ડ અથવા પ્રાન્ત સાથે સરખામણી કરી શકાય તેમ હોતી નથી.

**EQAO આકારણીઓ**

- વિદ્યાર્થીઓના શિક્ષણના મુખ્ય તબક્કાઓના કે, જેનો સંબંધ પ્રાન્તીય માપદંડો સાથે હોય છે તે, તેના ઉત્તરોત્તર વધતા જ્ઞાન અને કુશળતાઓને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણની વાર્ષિક માહિતી આપે છે જેનો ઉપયોગ શિક્ષકો, સ્કૂલો, સ્કૂલ બોર્ડ અને પ્રાન્ત કરી શકે છે, જેથી સુધારાઓ માટે વિકાસ અને યોજનાનું ધ્યાન રાખવામાં આવી શકાય;
- લાયકાત ધરાવતા ઑન્ટારિયોના શિક્ષકો, જેમણે ખાસ તાલીમ મેળવી છે તેમના દ્વારા આકારણીઓનો વિકાસ, સંચાલન થાય છે અન લગાતાર વાસ્તવિક રીતથી ગુણાંકન થાય છે અને
- પરિણામો આપે છે જેમની સરખામણી સ્કૂલ, બોર્ડ અને પ્રાન્તમાં વાર્ષિક રીતે થઈ શકે છે.

## 3. શું બધા વિદ્યાર્થીઓએ ગ્રેડ 9 આકારણી લખવાની જરૂરત હોય છે?

પ્રાંતીય પરીક્ષાઓ, ઑન્ટારિયોના જાહેર શૈક્ષણિક કાર્યક્રમ, જેની રૂપરેખા *શિક્ષણ ગુણવત્તા અને જવાબદારી ઑફિસ એક્ટ (The Education Quality and Accountability Office Act)*માં આપી છે, તેનો હિસ્સો હોય છે. બધા વિદ્યાર્થીઓ, જેઓ ગ્રેડ 9 શિક્ષા સંબંધિત અથવા અપ્લાઈડ મેથ કોર્સમાં નોંધાયેલા હોય છે તેમણે તેના સરખી EQAO આકારણીને (શિક્ષા સંબંધિત અથવા અપ્લાઈડની) લખવી જ પડશે.

વિદ્યાર્થીઓ, જેઓ સ્થાનિક મેથ કોર્સ અથવા મેથ ક્રેડિટ રિકવરિ (પુનઃપ્રાપ્તિ) કાર્યક્રમમાં નોંધાયેલા હોય, તેમણે ગ્રેડ 9 એસેસમેન્ટ (આકારણી) ઑફ મેથેમેટિક્સ (ગણિત) લખવાની જરૂરત રહેતી નથી.

## 4. ખાસ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ ગ્રેડ 9 આકારણી પર કયા પ્રકારનો આધાર મેળવે છે?

વિદ્યાર્થીઓ જેમને ખાસ શૈક્ષણિક જરૂરિયાતો હોય છે અને વ્યક્તિગત શિક્ષણ યોજના [Individual Education Plan (IEP)] પર હોય છે તેમને ગ્રેડ 9 આકારણી માટે કેટલીક છૂટની પરવાનગી હોય છે, જે તેમના ક્લાસરૂમ આકારણીઓની નિયમિત પદ્ધતિ સાથે સુસંગત હોય છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ અને ખાસ જોગવાઈઓ માટે ગાઈડ (Guide for Accommodations and Special Provisions)* જોઈ શકો છો.

## 5. ગ્રેડ 9 આકારણી માટે અંગ્રેજી ભાષા શીખનારાઓ કેવો આધાર મેળવે છે?

ગ્રેડ 9 આકારણી માટે અંગ્રેજી ભાષા શીખનારાઓને કેટલીક ખાસ જોગવાઈઓ માટે પરવાનગી મળે છે, જે તેમની નિયમિત ક્લાસરૂમ આકરણીઓની પદ્ધતિ સાથે સુસંગત હોય છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ અને ખાસ જોગવાઈઓ માટે ગાઈડ* જોઈ શકો છો.

## 6. શું છૂટછાટની અથવા મુલતવી પરવાનગી હોય છે?

કોઈ પણ માફી કે છૂટછાટ રાખવાની શક્ય હોતી નથી કારણકે ગ્રેડ 9 ગણિત (મેથ)ની આકારણીનો આધાર નિશ્ચિત રૂપે શિક્ષા સંબંધિત (એકેડમિક) અથવા અપ્લાઈડ મેથ કોર્સ પર રહે છે.  બધા વિદ્યાર્થીઓ, જેઓ ગ્રેડ 9 શિક્ષા સંબંધિત અથવા અપ્લાઈડ મેથ કોર્સમાં નોંધાયેલા હોય છે તેમણે તેના સરખી EQAO આકારણીને (શિક્ષા સંબંધિત અથવા અપ્લાઈડની) લખવી જ પડશે.

## 7. ગ્રેડ 9 ગણિતની આકારણી ક્યારે સંચાલિત થાય છે?

જાન્યુઆરીના બે-અઠવાડિયાના સમય દરમ્યાન પહેલા-સેમેસ્ટરના ગણિતના કોર્સના વિદ્યાર્થીઓ ગ્રેડ 9ની ગણિતની આકારણી લખે છે; જુનની શરૂઆતમાં બે-અઠવાડિયાના સમય દરમ્યાન બીજા-સેમેસ્ટરના અથવા સંપૂર્ણ વાર્ષિક કોર્સના વિદ્યાર્થીઓ આકારણી લખે છે. પ્રત્યેક સ્કૂલ પોતાની પરીક્ષાઓની તારીખો અને સમય નિયુક્ત કરે છે, જે નક્કી કરેલા આકારણી સમય દરમ્યાન હોય છે.

## 8. ગ્રેડ 9 ગણિતની આકારણી ક્યારે કરવામાં આવે છે?

ગ્રેડ 9 પ્રાન્તમાં આકારણી લગાતાર રીતે સંચાલિત કરવામાં આવે છે, જે ઑન્ટારિયોનું શૈક્ષણિક જૂથ કરે છે, જેમાં વિદ્યાર્થીઓના વર્ગશિક્ષકો પણ હોય છે. વિદ્યાર્થીઓને બે આકારણી પુસ્તિકાઓની પ્રત્યેક પુસ્તિકાને પૂરા કરવા માટે એક કલાક આપવામાં આવે છે. અમારી વેબસાઈટ પરથી આકારણી પુસ્તિકાઓના નમૂના ઉપલબ્ધ હોય છે.

EQAO અનેક પ્રકારની વાર્ષિક યોજનાની મધ્યમાં છે, જે પ્રાન્તીય આકારણી કાર્યક્રમને ઑનલાઈન કરશે.

## 9. જો EQAO આકારણીના દિવસોમાં મારું બાળક ગેરહાજર રહે તો શું થશે?

જ્યારે ગ્રેડ 9 ગણિત આકારણીના દિવસોમાં તમારું બાળક ગેરહાજર રહે તો, જ્યારે બાળક પાછું આવે ત્યારે સ્કૂલ આકરણી લખવા માટે ગોઠવણી કરશે, પરંતુ તે ફક્ત નક્કી કરેલા બે-અઠવાડિયાના આકારણી સમય દરમ્યાન જ હશે. તે સમય દરમ્યાન જો તમારું બાળક શાળામાં પાછું ન આવે, તો તે આકારણીમાં ભાગ લઈ શકશે નહીં.

ગ્રેડ 9 ગણિતની આકારણીના પરિણામોને વિદ્યાર્થીઓના અંતિમ કોર્સના ગુણાંક (માર્ક્સ)ના 30% સુધી ગણવામાં આવે છે તેને લીધે, વિદ્યાર્થીઓની સમાવેશક ગ્રેડ પર અસર થઈ શકે છે, એવા વિદ્યાર્થીઓ જે લોકો માટે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ આકારણીઓમાં ભાગ લેશે પરંતુ લેતા નથી હોતા.

જે વિદ્યાર્થીઓની આકારણીમાં ભાગ લેવા માટે અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ ભાગ લેતા નથી તેમના પણ પરિણામોનો પણ જાહેર રિપોર્ટમાં સમાવેશ થશે. પ્રત્યેક વિદ્યાર્થી માટે જાહેર ભંડોળથી ચાલતી શૈક્ષણિક પદ્ધતિ જવાબદાર રહે છે, EQAO પ્રત્યેક વિદ્યાર્થી માટે રિપોર્ટ કરે છે. જો વિદ્યાર્થી ગ્રેડ 9 ગણિત આકારણી લખવા માટે અપેક્ષિત છે પરંતુ આ પ્રમાણે કરતા નથી, તો તેને ગેરહાજર ગણવામાં આવશે, અને EQAO રિપોર્ટિંગમાં તેનો કોઈપણ ડેટા હશે નહીં.

## 10. આકારણી માટે મારા બાળકે કેવી રીતે તૈયારી કરવી જોઈએ?

ગ્રેડ 9 ગણિત આકારણી 100% *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ)* પર આધારિત હોય છે તેથી કોઈ વિશિષ્ટ તૈયારીની જરૂરત હોતી નથી. આકારણીની રૂપરેખા (ફૉરમેટ) અને સવાલો જે પૂછવામાં આવશે તેના પ્રકારો સાથે પરિચિત થવા, તમે આકારણીના નમૂનાઓની પુસ્તિકાઓ જોઈ શકો છો.

## 11. EQAO આકારણીઓનું ગુણાંકન કેવી રીતે થાય છે?

બધી EQAO આકારણીઓ પર, અનેક પસંદગીઓના પ્રત્યુત્તરોનું મશીન પર ગુણાંકન થાય છે. ખુલ્લા જવાબ માટેના સવાલોના પ્રત્યુત્તરો, જે ગ્રેડ 9 ગણિત આકારણી માટે હોય છે, તેનું ગુણાંકન ઑન્ટારિયોના શિક્ષણકારકો કરે છે, જેમને વિશિષ્ટ તાલીમ મળી હોય છે અને જેમણે લાયકાતની પરીક્ષા પસાર કરી હોય છે. આ વિડિઓ, EQAO પરીક્ષાઓ કેવી રીતે બને છે, સંચાલિત અને ગુણાંકિત થાય છે (How EQAO Tests Are Created, Administered and Scored) વિષે વધારે માહિતી માટે સમજાવે છે.

## 12. મારા બાળકનું પરિણામ મને ક્યારે મળશે?

પ્રત્યેક વિદ્યાર્થી જે આકારણી લખે છે, તેને વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ [Individual Student Report (ISR)] મળશે, જે તેના પરિણામોની રૂપરેખા આગળ આવતા સ્કૂલ વર્ષના ફૉલ (ઑટમ)માં આપશે. વધારે માહિતી માટે એપ્લાઈડ અથવા શૈક્ષણિક કોર્સ માટે ISR નમૂના જુઓ.

આકારણી પછી ફૉલમાં, EQAOની બધા આકારણીઓના પ્રાન્તીય પરિણામોનો પણ રિપોર્ટ થશે. EQAOની વેબસાઈટ પર સ્કૂલ અને સ્કૂલ બોર્ડના પરિણામો પ્રકાશિત કરવામાં આવે છે.

## 13. EQAO પરિણામોનો રિપોર્ટ કેવી રીતે થાય છે?

ગ્રેડ 9 ગણિત આકારણી પર માટે પ્રાન્તીય ચાર સિદ્ધિપ્રાપ્તિના સ્તરો છે અને તે પ્રમાણે રિપોર્ટ થાય સિદ્ધિપ્રાપ્ત છે. આ સ્તરો તે સમાન જ છે જેનો ઉપયોગ શિક્ષકો ક્લાસરૂમમાં સિદ્ધિપ્રાપ્તિ રિપોર્ટ માટે કરે છે. પ્રાંતીય ધોરણ સ્તર 3નું છે જે 70 થી 79 ટકાવારી શ્રેણી મેળવવાને અનુકૂળ હોય છે.

મૂલ્યાંકનમાં ધોરણ મુજબ કે તેથી ઉપરની સિદ્ધિ (એટલે સ્તર 3 અથવા 4 મેળવવું) જે વિદ્યાર્થીઓ મેળવે છે, તે તેના અભ્યાસના વર્તમાન તબક્કાના મોટા ભાગનું અથવા તમામ અપેક્ષિત ગણિત જ્ઞાન અને કૌશલ્યનું દર્શન કરે છે.

## 14. શું મારા બાળકના EQAO પરિણામને તેની ગ્રેડમાં ગણવામાં આવશે?

ગ્રેડ 9 ગણિતની આકારણીના પરિણામો વિદ્યાર્થીઓના અંતિમ કોર્સના ગુણાંક (માર્ક્સ)ના 30% સુધી ગણવામાં આવે છે. શાળાઓ અને/અથવા શાળા બોર્ડ નક્કી કરે છે કે પ્રાંતીય મૂલ્યાંકનને ગણતરીમાં લેવું કે નહીં અને કેટલું લેવું. EQAOને પરીક્ષાના મટીરિયલ પાછા કરતા પહેલાં શિક્ષકો આકારણીના કોઈ પણ ભાગને ગુણાંક આપી શકે છે.

## 15. શું પરિણામો કાયદેસરના અને વિશ્વાસપાત્ર હોય છે?

હા. EQAO પરીક્ષાની ક્રમિક વૃદ્ધિ, તપાસ અને ગુણવત્તાની ખાતરીની પદ્ધતિઓ દુનિયાની શ્રેષ્ઠ રહી છે અને એજન્સીના ડેટાની તેઓ માન્યતા અને વિશ્વસનીયતાની ખાતરી આપે છે. આકારણીના પ્રત્યેક તબક્કા પર EQAO પાસે વિશ્વાસપાત્રતાની તપાસ હોય છે—પરીક્ષાઓની વૃદ્ધિથી શિક્ષકો દ્વારા ગુણાંકો અપાવાની અને તે પછી પરિણામોના રિપોર્ટ સુધીની. EQAO તેના ડેટાની પ્રામાણિકતા માટે શ્રેષ્ઠ મહત્ત્વ આપે છે.

## 16. મારા બાળકના શિક્ષણના આધાર માટે તેના EQAO પરિણામોનો ઉપયોગ હું કઈ રીતે કરી શકું છું?

બાળકના અભ્યાસનું મૂલ્યાંકન કરવા માટે, એ મહત્ત્વનું હોય છે, કે તમે વ્યાપક શ્રેણીની માહિતીને ધ્યાનમાં લો. તમારા બાળકના રોજિંદા ક્લાસરૂમ કામ સાથે અને બીજી આકારણીની માહિતી સાથે EQAO પરિણામોની તપાસ થવી જોઈએ જેથી, તેના શિક્ષણને માપી શકાય અને નક્કી કરી શકાય કે, વધારે મદદની ક્યાં જરૂરત છે.

જે વિદ્યાર્થીઓ પ્રાન્તીય ગણિત માપદંડ માટે યોગ્ય થતા નથી, તો શિક્ષકો અને માતાપિતાઓ માટે ખાસ મહત્ત્વનું રહે છે કે, તેઓ સાથે મળીને કામ કરી ચર્ચાવિચારણા કરે કે તેઓ ભણતર ખાઈ કેવી રીતે પૂરી શકે છે અને હાઈસ્કૂલના અંત પહેલા વિદ્યાર્થી સિદ્ધિમાં સુધાર કેવી રીતે કરી શકે છે.

## 17. મારા બાળકની સ્કૂલના પરિણામો મને શું બતાવે છે?

સ્કૂલના પરિણામો જણાવે છે કે, તમારી સ્કૂલના વિદ્યાર્થીઓ તમારી સ્કૂલ બોર્ડના અને પ્રાન્તના વિદ્યાર્થીઓની સરખામણીમાં કેવા રહ્યા છે. બીજા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રાપ્તિની સરખામણીમાં તમારા બાળકની પ્રાપ્તિ કેવી રહી છે તેની જાણકારી માટે તમને મદદ કરશે અને વિદ્યાર્થીની પ્રાપ્તિના આધાર માટે તમને ચર્ચાવિચારણા માટે તૈયાર કરશે.

તમારા બાળકના શિક્ષક અથવા પ્રિંસિપાલ સાથે તમે EQAO પરિણામોના મહત્ત્વ વિષે વાત કરી શકો છો, જેથી તમારા બાળકના સ્કૂલના શિક્ષણના કાર્યક્રમો મજબૂત બને. સમગ્ર ઑન્ટારિયોની સ્કૂલો EQAO ડેટાનો ઉપયોગ કરે છે. બીજા ક્લાસરૂમ ડેટા, જેમ કે, રિપોર્ટ કાર્ડ ગ્રેડ, હાજરીનો દર, સંબંધિત માહિતીનો ઉપયોગ કરી તેમના સુધારાના કાર્યક્રમોનો વિકાસ કરે છે.

## 18. જો મારું બાળક આકારણી પર નિષ્ફળ રહે તો શું થશે?

જો વિદ્યાર્થીઓ પ્રાન્તીય ગણિતના માપદંડ સુધી પહોંચી ન શકે તો શિક્ષકો અને માતાપિતાઓ માટે મહત્ત્વનું રહે છે કે, તેઓ ચર્ચા કરે કે, સાથે મળીને કેવી રીતે કાર્ય કરે જેને લીધે. હાઈ સ્કૂલ પૂરી થતાં પહેલાં શિક્ષણ પ્રાપ્તિમાં આવતી ખામીઓ હટાવી શકાય છે.

વિદ્યાર્થીઓના અંતિમ કોર્સ માર્ક્સ (ગુણાંક)ના 30% માર્ક્સ પરિણામોમાં ગણવામાં આવે છે, તેને લીધે વિદ્યાર્થીઓ માટે સમાવેશક ગ્રેડ પર અસર થઈ શકે છે, તેવા વિદ્યાર્થીઓ માટે જે ગ્રેડ 9 ગણિતની આકારણી માટે નિષ્ફળ રહ્યા હોય.

## 19. ઑન્ટારિયો માટે પ્રાન્તીય વિસ્તૃત આકારણીઓની જરૂરત શા માટે રહે છે?

EQAO પરિણામો ઑન્ટારિયોની શૈક્ષણિક પદ્ધતિની જવાબદારીની મુખ્ય રીત છે અને વિદ્યાર્થી, સ્કૂલ, સ્કૂલ બોર્ડ અને પ્રાન્તીય સ્તરોના સુધારાઓની યોજના માટેનું મહત્ત્વનું સાધન છે. સ્કૂલ પદ્ધતિ, જે સતત સુધારાઓ માટે ગંભીર છે તેમની વિદ્યાર્થી માટેની સિદ્ધિપ્રાપ્તિના પુરાવાની વિસ્તૃત પદ્ધતિ હોવી જોઈએ, જે વાસ્તવિક અને વિશ્વાસપાત્ર હોય. આકારણીના પરિણામો તે ક્ષેત્રોને મહત્ત્વના જણાવે છે, જ્યાં વિદ્યાર્થીઓને વધારે મદદની જરૂર હોય છે. કેળવણીકારો, સ્કૂલો, બોર્ડ અને પ્રાન્ત આ ડેટાનો ઉપયોગ કરી શિક્ષણ આપવાના અને શિક્ષણ શીખવાના કાર્યસાહસને ધ્યેય બનાવે છે.